રાવળ ધર્મ સંબંધી ઇતીહાસ.

ગુરૂ મહીમા સહિત.

બ્રહ્માંડ પુરાણના સત્તરમા અધ્યાયને અનુસારે.

લખી છપાવી પ્રસિદ્ધ કરનાર.

મહારાજ માનદાસ હેમાનંદજી

ગામ ઉધરોજ તાલુકે-વીરમગામ.

આવૃતી પહેલી } અમદાવાદ. } પ્રત ૧૦૦૦

શ્રી "સત્યપ્રકાશ" પ્રીન્ટીંગ પ્રેસમાં શા. પ્રેમચંદ નાહાલચંદ

તથા અંબાલાલ શંકરભાઈએ છાપ્યું.

સંવત ૧૯૬૭ સને ૧૯૧૧

કીંમત ૦-૨-૦

गूजरात विद्यापीठ ग्रंथालय

[गुजराती कॉपीराईट विभाग]

अनुक्रमांक ૩૩૫૮ · वर्गांक

पुस्तकनुं नाम શ્રાવક ધર્મ સંબંધી ઈતિહાસ

विषय ૨ - : ૪

ॐ

રાવળ ધર્મ સંબંધી ઇતીહાસ.

ગુરૂ મહીમા સાહત.

બ્રહ્માંડ પુરાણના સત્તરમા અધ્યાયને અનુસારે.

લખી છપાવી પ્રસિદ્ધ કરનાર.
મહારાજ માનદાસ હેમાનંદજી.
ગામ ઉત્રેજ તાલુકે—વીરમગામ.

આવૃતી પહેલી. પ્રત ૧૦૦૦

શ્રી સત્યપ્રકાશ પ્રીન્ટીંગ પ્રેસમાં શા. પ્રેમચંદ નહાલચંદ
તથા ડાહ્યાભાઇ શકરાભાઇએ છાપ્યું.

સંવત ૧૯૬૭ સને ૧૯૧૧

કીંમત ૦—૨—૦

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
૩૩૫૯



શ્રી ગણેશાય નમઃ

રાવળ ધર્મ સબંધી ઇતીહાસ.

દુહા.

સુનકાદીક સુખદેવજી, પુછે નારદ પાસ.
ખટ દરશનની ઉત્પતી, સબહી કરો પ્રકાશ.
રાવળ જોગી કાપડી, કેમ ભયા મુનીરાય.
તે કારણ સર્વે કહો, ભીન ભીન સમજાય.

ટીકા—બ્રહ્માંડ પુરાણના સતરમા અધ્યાયમાં સુનકાદીન શ્રી સુખદેવજી આદી બીજા સર્વ મુનીઓ નીમીશારણ્યને વિષે કથા રૂપી યજ્ઞ કીરતાહવા તે ટાણે નારદમુની દેવલોકમાંથી અંતરીક્ષ મારગે આવતા ભયા. સર્વ રૂષીઓએ ઘણા પ્રકારની પુંજા કરીને નમ્રતાથી પ્રણામ કર્યા ને ઉંચાં આસન ઉપર બેસાડયા તે વખતમાં બ્રહ્મ પુરાણની કથા ચાલતી હતી તે વખતમાં ભગવાન વ્યાસજી હતા નહી એટલે ખટ દરશનની ઉત્પતીની રૂપીને ઘુંચવણ થઇ; નારદને

સુનકાદીકઆરે સુખદેવજીએ કહ્યું કે હે નારદજી, ખટ દર-
શનને, રાવળ જોગી, અને કાપડી, એ કયા આશ્રમમાં અને
કયા વર્ણમાં ઉત્પન્ન થયા.

ચોપાઇ.

તબ નારદ બોલે હરખાઇ,
સબ ઊત્પતી કહું મેં ગાઇ;
સૌનક સુખદેવ સુણો મુનીજ્ઞાની,
અતિ વિખ્યાત કહું મેં ધ્યાની.
આદી અનાદી સનાસી શોભે ઊ,
વિધી હરીહર પારનાલ એઊ.
તેહી સનાસ કરમ અતી ભારી,
વેદ વીરંચી કહેત પુકારી.

ટીકા—ત્યારે નારદ મુની એવું પ્રશ્ન સાંભળીને હર-
ખવાન થઇને બોલ્યા જે તમે ખટ દર્શનની ઉત્પત્તીનું પ્ર
પુછો છો તે તમને સર્વ કારણ વીસ્તારીને કહું છું તે ત
સાંભળો. હે સૌનક! હે સુખદેવ! હે બીજા સર્વ મુનીઓ!
આ કથા અલૌકીક છે તે હું તમને વીગતવાર કહું છું તે

તમો સર્વે ધ્યાન દઇને સાંભળો. સન્યાસ પંદ આદ અનાદી આદ એટલે છે છે ને છે. અને અનાદી એટલે હતુંજ, જેમ દરીઆનો પાર નદીઓ પાવતી નથી તેમ સન્યાસપદનો પાર કોઈ પામતું નથી. પ્રથમ–પ્રરમસુન સન્યાસી તેના મહાસુન સ્ન્યાસી, મહાસુનના આત્મસુન સન્યાસી, દેવસુન સન્યાસી, દેવસુનના અવીગત સન્યાસી, અવીગત સન્યાસી, અવીગતના નીરાકાર સન્યાસી, નીરાકારના અજરાઅમર સ્નાસી, અજ-રાઅમરના મહાદેવ સન્યાસી અજનમાના લોકો—

અષ્ટશ્લોક.

નવકોટી દુરધા, સતકોટી શંભુ,
અનંત કોટી વીષ્ણુ, એક પદં મગનેસંમ,

સુખદેવઊવાચ—સુખદેવજીએ કહ્યું કે હે મહારાજ નવકોટી દેવીઓ છે. અને સતકોટી શંભુ છે અને અનંત કોટી વીષ્ણુ છે અને એક પદમ ગણુપતી છે તેમાં પુજવા યોગ્ય ગણુપતી કયા? એક શાસ્ત્રમાં એમ કહ્યું છે કે શીવે ગણપતીને કર્યા, અને કોઇ બીજા શાસ્ત્રમાં એમ કહ્યું છે કે ગણુપતીએ શીવને કર્યા અને નવકોટી દેવીઓ છે તેમાં કોઈ શાસ્ત્રમાં એમ કહ્યું છે કે એક દેવીએ ત્રણુ દેવ ઉત્પન્ન

કર્યા અને કોઈ શાસ્ત્રમાં એમ કહ્યું છે કે વીષ્ણુએ સર્વ દેવીઓ કરી તેમાં આદી દેવી કઈ.

દુહા.

તબ નારદ એમ બોલીયા, સુણો વચન સુખદેવ,
ભીન ભીન તમને કહું, પુછો તેનો ભેદ.

ટીકા—ત્યારે નારદે કહ્યું કે આદી માયા બ્રહ્મથી થઈ આદી માયાથી ત્રણ દેવ થયા તે વાર્તા સત્ય છે તેનું નામ તે આદ વીષ્ણુ આદ માયા તેનું નામ લક્ષ્મી અને માયાથી માયા તેનું નામ સતી અને આદ શીવ તે અજનમ્યા કેમકે જનમતા કે મરતા નથી તેમની અર્ધાંગના તે સતી આદ વિષ્ણુની અર્ધાંગના તે લક્ષ્મી ત્રીજા દેવ તે બ્રહ્મા. તેમનું નામ વીધી બ્રહ્મા તે વીધી સર્વ સ્રષ્ટી ના કર્ત્તા.

શ્લોક.

મુખે સો બ્રાહ્મણ, બાહુ સો ક્ષત્રી;
ઊર સો વૈષ્ય, પદમ સો શુદ્ર.

ટીકા—નારદ ઉવાચ—નારદ કહે છે કે હે સૌનકા-

ઢીક રૂષી, હું તમને ચાર વર્ણની કથા કહું છું તે તમે ધ્યાન દઈ સાંભળો. વીધી બ્રહ્માના મુખથી દશ બ્રાહ્મણ ઉત્પન્ન થયા. પાંચ દ્રાવડ, પંચ ગોણ, અને બાંહુ એટલે હાથ તેમાંથી શંભુ મનુ રાજા ઉત્પન્ન કર્યા, અને ડાબા હાથમાંથી રાણી શતરૂપા ઉત્પન્ન કરી. ઉરથી વંશ વિશ્વકર્મા ઉત્પન્ન કર્યા અને પગથી મતંગ રૂષી ઉત્પન્ન કર્યા એ ચાર વર્ણ થઈ.

દુહો.

અબ એહી વીધી વિષે કહતહું, સુણો હો સર્વ મુનીસ,
વર્ણ સુરસે ભીન હે, જાત સુજાત ખટ ઇસ.

ટીકા—નારદ ઉવાચ—નારદ કહે છે કે વર્ણ જાત વીજાત જાત એટલે મનુષ્ય વીજાત એટલે દેવ તેથી ખટ દરશન જુદો છે હવે સન્યાસનું કારણ કહું તે તમે સાંભળો.

હવે જંગમ જોગી ને કાપડી તેનું કારણ કહું તે સાંભળો. એક સમે બ્રહ્માનું તાળવું ફાટયું તેમાંથી રૂધીર નિકળ્યું તેમાંથી રૂદ્ર ઉત્પન્ન થયા તેમનું નામ ભુંતાદિક અણુ તેના જોગથી જંગમ થયા. આકારથી નાથ ઉત્પન્ન થયા. નવનાથનાં નામ, ઓહંકારી આદ નાથ, ઉદૈનાથ પા-

ર્વતી, સતનાથ બ્રહ્મનાથ, સંતોકનાથ વિશ્નુ અચળ અચં-
બેનાથ શાંવ પરેશ રંગનાથ, ગજવેલી ગજકંથકનાથ, માયા-
રૂપી મચ્છેદ્રનાથ, બ્રહ્માંડતીરંતરે શ્રીશંભુજતી ગુરૂ ગોરખ-
નાથ, એ નવ નાથ કહેવાય.

દુહા.

આદ શીવ ઊત્પન કીયા, રાવળ જોગી તે;
મનુ નામ તીનકો દીયો, જોગ ઊપાસી જે.

ટીકા—નારદ મુની કહે છે કે હે રૂષીઓ એક સમે મહાદેવ અારો પાર્વતીજી કૈલાશમાં બેઠાં હતાં તે વખતે શીવના ગણ બે પાસે હતા તેમનાં નામ નંદી અને ભંગી અને ઉમીયાજી પાસે બે ગણ હતા તેમનું નામ ગણપતી અને કાર્તિકસ્વામી. એ વખતમાં શિવજી જોગ અભ્યાસ કરતા હતા ત્યારે ઉમીયાજીએ કહ્યું કે હે પ્રભુ તમારા જોગથી મારી માયાનું પરિબળ વધારે છે, કેમકે મારી માયા આગળ તમારા જોગનું પરીબળ ના ચાલે શિવજી કહે છે કે હે ઉમીયાજી, તમારી માયા મારા જોગથી વધે નહિ.

દુહા.

તબ મુની સંશય કર્યો, સુણી નારદ વેણ;

જોગ માયા સમજાવીએ, કારણ સીધું એણ.

ટીકા—નારદજીનાં એવાં વચન સાંભળીને સર્વ રૂષીઓ ને સંશય થયો કે હે કરૂણાના સિંધુ જે જોગ અને માયા બે કહ્યાં તે અમોને સંશય થયો કે માયા જોગ કરતાં વધતી હોય તો જોગી લોકો જોગ શા માટે કરે એનો ભેદ ભિન્ન ભિન્ન સમજવામાં આવે તેવી રીતે કહો. ત્યારે નારદ કહે છે કે હે રૂષીઓ, તમે સાંભળો, જોગ બે પ્રકારના છે કેમકે એક અદલ જોગ અને બીજો ફદલ જોગ; એ રીતે બે જાતના જોગ કહેવાય છે. તેમાં ફદલ જોગ કીયો કે જુઓ ઉઘાડો દીવો હોય તેને જેમ વાયુનો બાદ લાગે છે તે ફદલ જોગ ને કાચની પેટીમાં જે દીવો હોય તેને જેમ વાયુનો બાદ લાગતો નથી તેને અદલ જોગ કહે છે.

સિદ્ધાંત—ભક્તિ સહિત જોગ કરે છે તે કાચની પેટી સમાન છે તેને કોઇ માયાનો બાદ લાગતો નથી તે અદલ જોગ. અને ભક્તિ રહિત જોગ કરે છે તે ઉઘાડા દીવા સમાન છે તેને માયાનો બાદ લાગે છે તે ફદલ જોગ કહેવાય.

દુહા.

પાર્વતીએ માયા રચી, કીધો દેહકો ત્યાગ;

અદ્રષ્ય આપેભાઇ, માયા સહીત વૈરાગ.

ટીકા—નારદ કહે છે કે હે સોનક, હે સુખદેવ, એક ધ્યાન હેઇને સાંભળો આ સાંભળવા જેવી કથા છે તે હું તમને ભિન્ન ભિન્ન વિસ્તારીને કહું છું તે સાંભળો કે પાર્વતીજીએ કોપ કરીને પોતાના દેહનો ત્યાગ કરીને પોતે અદ્રષ્ય થયા. કારણ કે શિવના જોગને બાદ લગાડવા માયાનો વૈરાગ જે સમપુરણ જુગતી કરી શિવના જોગને બાદ લગાડવા પાર્વતીએ બહુ ઉપાય કર્યા, પણ શિવજી સમાધિમાંથી ચલાયમાન થયા નહિ, ત્યારે પોતાની પડેલી કાયાનો કાપડી બનાવ્યો. તેનું નામ લાલુ કાપડી ઠરાવ્યો તે કાપડીએ અનેક પ્રકારના રાગરંગ અને ગાવણુ વિધી ઉત્પન્ન કરી તોપણ શિવ સમાધિમાંથી ચેતન થયા નહિ.

ચોપાઇ.

લાગી સમાંધી અખંડ અપારા,
માયાકા કસુ ન આરણુવારા.
માયાકા ત્યાં પરીબળ નહીં,
સીવ રહે સમાધી માંહી.

હરી ઇશા હોતહુ જોગ પરતાપુ,
મનું ઊપજત હો આપ હુ આપુ;
અનેક સુરજકી ક્રાંતી ભાંસી,
સંગતીકી માયા તબ ગઇ નાસી.
શીવ રખવાળુ ભયો તે વારા,
લઇ ત્રીશુળ ખડગ ખડધારા.

ટીકા—નારદઊવાચ, નારદ કહે છે કે હે રૂષીઓ, જ્યારે પાર્વતીએ અનેક ઊપાય કર્યા પણ શીવને માયા લાગી નહીં. આરંન નામ અલંકાર, વારંન નામ વીરચીંત, શીવના અંતરમાં કાંઇ થયું નહિં કેમકે શીવ સમાધીમાં જોગ સાધતા હતા તે ભકતી વડે રહીને, તેથી માયાનો બાધ લાગ્યો નહિં.

નારદ કહે છે કે—હે મુનીઓ, હવે હરીની ઇચ્છાથી અને જોગના પ્રતાપથી મનું જોગી ઉત્પન્ન થયા, તેમનું જોગીનું અને અનેક સુર્યની કાન્તીનું સમાન તેજનો પ્રતાપ જોઇને ત્રીયાજીની માયા નાસી ગઇ. અને મનુજોગી હાથમાં ત્રીશુળ તથા ખડગ ધારણ કરી ઊભા રહ્યા અને વિચાર કરવા લાગ્યા કે મને ઉત્પન્ન કરનારા કોણ એવું

જાણી અંતર ધ્યાન કરી જોયું ત્યારે માલમ પડી આવ્યું કે મને ઉત્પન્ન કરનારા આ શીવજી છે. અને હું તેમના જોગના પ્રતાપથી ઉત્પન્ન થએલો છું એમ જાણીને એમની રક્ષા કરવા લાગ્યા.

દુહા.

તબ મનુ માયા રચી, કર્યો ઊમીયાપર કોપ;
ડમરૂ ડાખ વજાવી કરી, શીવને કર્યાં અલોપ.

ટીકા—નારદઉવાચ, નારદ કહે છે કે હે સોનક હે સુખદેવજી મનુ જોગીએ એમ જાણ્યું કે મારા ઇષ્ટ દેવ આ શીવજી છે. અને સમાધીમાં બેઠા છે. ઉમીયાજીના વાદવીવાદથી પાર્વતી અને શીવજી બંનેનો સંવાદ થયો ત્યારે શીવ કહે છે કે મારો જોગ વધારે છે અને પાર્વતી કહે છે કે મારી માયા વધારે છે, તે શીવજી માયાને જીતવા સમાધીમાં બેઠા છે એવા પોતાના ઇષ્ટ દેવજાણીને મનુ જોગીએ પોતાની માયા જોગના પ્રતાપથી માયાની સૃષ્ટી રચી અને અનેક જોગણીઓ, દેવી, દેવતા, ભુત, પ્રેત, બાવન પ્રકારના વીર, અને આઠ કળી, પ્રેમભેલા ભેરવ ઉત્પન્ન કર્યા, અને સર્વ કૈલાસ અલોપ કર્યો. અને

ઊમીયાજી, ગણુપતી, અને કાર્તીકસ્વામી તેમને માયા સહીત કોઇ લોકોના વીષે અંતર ધ્યાન કર્યા અને કઇક કલપ સુધી ફર્યા પણ કાંઇ શીવનો પતો લાગ્યો નહીં ત્યારે ઊમીયાજીના મનમાં સંશય ઉત્પન્ન થયો કે શંકર તે કયાં રહ્યા અને કૈલાસ તે કયાં રહ્યો તેવો વીચાર કરતાંમાં આકાશ વાણી થઈ કે હે ઊમીયાજી તમો શીવનુ અપમાન કરતાં હતાં તે શીવના જોગના પ્રતાપથી એક પુરૂષ ઉત્પન્ન થયો છે તે પુરૂષની માયા થકી તમે કૈલાસમાંથી આટલે છેટે તમને કાહાડયાં છે અને તમને ભાન પણ નથી કે કયા લોકમાં છીએ, અને તમે અભીમાન કરતાં હતાં અને શીવના જોગને જીતતા હતા, પણ એ શીવના જોગના પ્રતાપથી એક પુરૂષ ઉત્પન્ન થયો, તેની માયાને જીતી શકયાં નહીં તો શંકરના જોગને તો કયાંથી જીતી શકો. અને કઇ કલપ થયાં તમે શીવને ખોળો છો તોપણુ તમને કાંઇ શીવનો પત્તો લાગતો નથી માટે તમે શીવના જોગને વખાણો અને અભીમાન મુકી સ્તુતી કરો, એટલે તમને શીવ પ્રસન થશે. આવી આકાશ વાણી સાંભળીને ઊમીયાજી શીવનું ધ્યાન કરવા લાગ્યાં. ગણુપતી, કાર્તીકસ્વામી સહીત તપ કરવા લાગ્યાં ત્યારે મનું જોગીના મનના વિશે કરૂણા આવી.

શ્લોક.

કોટી લંગ સંગંગ, ભવેક બુધ્ધિ કબુધ્ધિ ભાવા,
ચકરોતી ક્રોધંગ, કરોત પ્રભા ધૃતંગ;
પુનરેવ કરોધી, પુનરેવ અવગતી.

ટીકા—મનુ જોગીએ એમ જાણ્યું કે મારે ક્રોધ શા વાસ્તે કરવો જોઇએ અને ઊમીયાજીને અલગ શા વાસ્તે કરવાં જોઇએ. કુટીલનો સંગ કરે ત્યારે કબુદ્ધિ આવે છે અને કબુદ્ધિથી ક્રોધ ઊપજે છે અને ક્રોધથી ધર્મ, ધન, દાન, માન, તપ, વ્રત, શુભ લક્ષણ, શાંતી, દાંન્તી, ભક્તી, આધીનતા જ્ઞાન, ભાવ, વૈરાગ, સતસંગ, એ સર્વનો નાશ થાય છે ત્યારે મનુ જોગીએ પોતાની માયાના પરીબળથી પાછાં ઊમીયાજીને કૈલાસમાં લાવ્યા અને ઊમીયાજીની પુજા કરી ચારો સ્તુતી કરી તેણે ટાણે શીવની સમાધી ઉતરી અને ચેતન થયા અને મનુ જોગીને પુછયું કે તું કોણ છે અને કયાંથી આવ્યો ત્યારે મનુ જોગી બોલ્યા અને કહ્યું કે હે મહારાજ આ સર્વ જોગણીઓ તથા વીર તથા ભુત, પ્રેત, પીચાશ, કિંનારા, ગાંધર્વ, એ સર્વે મેં ઊત્પન્ન કર્યા છે અને તમારી રક્ષા કરતો હતો પણ મારી મને ખબર નથી કે હું કયાંથી ઊત્પન્ન થયો ત્યારે શીવે

અંતર ધ્યાન કરી જોયું તો એ પુરૂષ મારા જોગના પ્રતાપથી અને હરીની ઇચ્છાથી ઉત્પન થયો છે. માટે એનું નામ મનું જોગી અને " રા " નામે માયાનો રસ્તો. ઊમીયાજીની રચેલી માયા તેને " રા " નામે માયાનો માર્ગ મુકાવ્યો અને " વ " નામે વીચીત્રકળા, વીચીત્રકળા નામે પોતાની માયા રચેલી પોતે સંકેલી અને ઊમીયાજીની માયાને લાજવળાવી તેથી એની વર્ણ રાવળ મનુરાવળ જોગી ઓનું નામ ઠરાવ્યું. અને શંકર પ્રસન થયા અને કહું કે હે મનુ જોગી, મારી પાસે કાંઈ માગ, *આજ હું તારાપર પ્રસન થયોછું માટે તું માગે તે આપું મનું કહે છે કે હે મહારાજ એક તમારી ભક્તી આપો અને બીજું ડમરૂં આપો અને ખપર આપો અને પતર આપો અને મારી રચેલી માયા મને પ્રસન રહે ત્યારે શંકરે પોતાના કુંડળ અને ભગવાં વસ્ત્ર, ડમરૂ, પતર, અને ખપર એ સર્વે આપ્યું, અને કહ્યું કે હે મનુ મારી લંગાકારની પુંજાનો તું અધીકારી થયો પછી મનુનાં ગાંધ્રવની કન્યા સાથે લગ્ન કર્યાં તેનું નામ સુમતી અને ૫મટ અક્ષરનો મંત્ર આપ્યો. " ઓમ નમઃ શીવાય " શીવે કહું કે હે મનું આ મંત્ર તું જપજે અને આ ધર્મ પ્રમાણે ચાલજે. રાવળજોગીનું આકાશ દર્શન અને મુની ધ્યાન શીવી સંપ્રદા જોગ પંથ એટલે જનમ જોગી રૂદ્રાક્ષ, અરૂભગવાં અને સીધુરનું

તીલક એ ત્રણ શણગાર રાવળ જોગીને આપ્યા અને શીવજી એ કહ્યું કે હે મનું આ વિના બીજો ધર્મ પાળવો નહીં એવું શંકરે કહ્યું.

દુહા.

શીવ ભક્તી વિના મુક્તી નહીં, વિવેક વીચારીને જોઇ
વેદ પુરાણ ખટ શાસ્ત્ર કહે, હરી કીરપા પ્રાપ્તી ન હોઇ

ટીકા—શીવ કહે કે હે મનુ રાવળજોગી જોગીને શીવ ભક્તી વિના ઓર કોઇ ભક્તી તારે કરવી નહીં કારણકે મારા જોગથી ઉત્પન થયો છે ઓર ઉપાસના ના કરવી.

શ્લોક.

ચંદ્રરૂપ યોગંગભવચ ભુલંગ,
આપ માનચ કીતગંમ સમ.
સાંકુ દ્રસ્ટી કુલહીન નર કંગ,
પરેવા રાવળ આપતમ સમ.

ટીકા—શંકરઉવાચ શંકર કહે છે કે હે રાવળ જોગી

ચંદ્રરૂપી જોગતેમાંથી ઉત્પન્ન થયો છે માટે મારા સીવાય તારે બીજો જોગ પાળવો નહીં ચોથા જુગમાં ધર્મ ભ્રષ્ટ થઈ જાશો. ચોથા જુગમાં રાવળ જોગી ધરમ ક્રીયા ભુલી જઈને અધર્મ ચલાવશો અને અંતે તેની અસગતી પ્રાપ્ત થશે, રાવળ વર્ણમાં મારો ધર્મ નહીં પાળે તેને ચાર પ્રકારની હત્યા લાગશે. ગૌહત્યા, બ્રાહ્મણ હત્યા, સ્ત્રી હત્યા, અને બાળ હત્યા.

ચોપાઈ.

તરીયા તન તરીયા કરત ધાતા,
તેહી હત્યા છે ઘોર નરક જાતા;
વીપ્ર ધેન હત્યા જેહ કરહી,
કામ સહીત ઘોર નરક પરહી;
છુટ તનહી કલપ સતકાલા,
જનમો જનમ અનેકા રહત વીહાળા.

ટીકા—નારદમુની કહે છે કે હે સોનક હે સુખદેવજી હે બીજા સર્વ મુનીઓ એવી રીતે શંકરે રાવળ જોગીને કહ્યું મારા વચન બહાર ચાલશો તો ચાર હત્યાનું પાપ લાગશે. તે હું તમને બતાવું છું, માટે મારા વચન ઉપરાંત

ચાલશો તો ભ્રષ્ટ થશો અને દુઃખની પ્રાપ્તી થશે. માટે ચોરી ચાડી, જારી, વીજારી, તથા માંસ, દારૂ એ સર્વેથી રહીત રહેવું, કેમકે એ તારો ધર્મ નથી. શાથી કે તું મારા જોગથી ઉત્પન્ન થયો છે. માટે તું ઉત્તમ જાતી થઇને એવું નીચ કરમ કરીશ તો તને દુઃખની પ્રાપ્તી થશે, અને નીચ ગતીને પામીશ. કેમકે જોગ સર્વથી ઉત્તમ છે એવી વેદ પુરાણની શાખ છે માટે નીચ કરમ કરવાં ઘટે નહીં અને જે કરીશ તો આ ચાર હત્યાનો અધીકારી થઇશ.

મનુઉવાચ—હે મહારાજ! તમોએ મને હત્યાઓ કહી તે કેવી રીતે ભોગવવાની તે મને ભીન્ન ભીન્ન સમજાવીને કહો. ત્યારે શંકર કહે છે કે ગૌહત્યા, બાળહત્યા, સ્ત્રીહત્યા, અને બ્રાહ્મણ હત્યા એ ચાર પ્રકારની હત્યાઓ કહી તેમાં એક હત્યા કરી હોય તો સો કલપ નર્કમાં રહેવું પડે છે. ચાર જુગ જાય ત્યારે એક ચોકડી કહેવાય એવી બોતેર ચોકડીએ એક ઇંદ્ર રાજ કરે એવા ચૌદ ઇંદ્ર થાય ત્યારે બ્રહ્માનો એક દીવસ જાય; એવા બ્રહ્માના ત્રણુસોને સાઠ દીવસનું એક વરસ થાય એવાં સો વરસ બ્રહ્માજીવે, એવા ચૌદ બ્રહ્મા થાય ત્યારે વીશ્નુનો એક દીવસ થાય: એવા ત્રણુસોને સાઠ દીવસ જાય ત્યારે વીશ્નુનું એક વરસ ગણ્, એવાં સો વરસ વીશ્નુ જીવે એવા ચૌદ વીશ્નુ થાય ત્યારે શંકરનો એક દીવસ ગણાય, એવા ત્રણુસોને સાઠ દીવસનું

એક વરસ શંકરનું થાય એવાં શંકરનાં સો વરસ જાય ત્યારે એક કલપ થાય. એવાં એક હત્યા કરનારને સો કલપ નર્કમાં રહેવું પડે એવી રીતે ચાર હત્યાઓ કરનારને ચારસો કલપ રહેવું પડે. માટે હેમનું આવી ઘોર હત્યાઓ કહેવાય માટે જે મારૂં વચન નહી માને તો તેને કેટલાક કલપ થઇ જાશે તોય છુટશે નહી.

ચોપાઇ.

બ્રહ્માંડ પુરાણ સંસકૃત સાગર,
રચ્યો મુનીવાસ વીશ્નુ આગળ.
સુનકાદીક નારદ સંવાદ,
હેમાનંદ ભાષા કહી યાદ.
સંવત ઓગણી સઙ સટોસાર,
તીથી એકમને બુધવાર;
આસો માસ પખ અંધીઆરા,
તબહીતીજ મંનકીના વીચારા.
માનદાસ આગળ હીકીના;
તે કારણ ભાષા ગ્રંથ દીના.
ગોતમ ત્રઠ ગોતર તેહી જાણો,
રાવળ વંશ ઉદાર પરમાણો.

ગામ શનીયાર રહે નીજ ધામા,
તેસદા રામતાત કે નામા.

દુહા.

પશ્ચિમ ધરાના દેશમાં, નગર પારકર ગામ;
ગુરૂ વલંભગર સ્વામી, બંભ હેમાનંદ કવિ નામ.

ઇતિશ્રી રાવલ ધર્મ સંબંધી ઇતિહાસ સંપુર્ણ.

અથ શ્રીરૂદ્રાક્ષ મંત્ર લખ્યા તે.

ઓમ ગુરૂજી મુખે બ્રહ્મા, મધે વિષ્ણુ લંગીકારંભ.
વેશ્વે રંગપતરે, પતરે સર્વ દેવતા, રૂદ્રાક્ષ દેવનમ સત્તે.

૨.

ઓમ ગુરૂજી અરબત નરબત ધુંધુકારા,
શિવ પાર્વતીએ કર્યા પસારા;
સર્વ ધાતકા લીંગ બનાયા,
દઈ નખ ચીરા ભંગ બનાયા,
સવા હાથ ધરતી રૂધિર ભીંજી,

અમર બીંજી કાયા,સોઈ વસ્તુકા જેરૂ બનાયા,
ગેરૂ અંચળી ગંગા જળ સત ગુરૂના ઉપદેશ દત્ત,
ચળી દેશાવરા, કરી કરી ભગવાં વેષ,
વિના જાપ ભગવાં કરે પંડ પડે પ્રલે જાવે,
જપેજાપ ભગવાં કરે સો જોગીવાસા અમરાપર પાવે.
ભગવાંકા જાપ સંપૂર્ણ ભયા, મહાદેવે પાર્વતીકુ કહા.

અથ શ્રી ગુરૂ મહીમા લીખ્યતે.

જેશ્રી ગુરૂ ગણપતી નમો, જેશ્રી પરમાત્માને નમોઃ
જેશ્રી ગુરૂદેવને નમો, જેથી બુદ્ધિ પ્રકાશ એવા સતગુરૂ
દેવને વંદુ વારંવાર.

ગુરૂ મારા સ્વામી હેમાનંદ, તેથી સૌ છુટુ જગના ફંદ;
શરણે આયાને દીજે સાથ, કીરપા કરીને ઝાલીએ હાથ.
ચીત્ત આપ ચરણુમાં ચોટયું; હવે બીજે સરવથી છુટયું;
હવે મારે નહીં બીજો સ્વામી, એવું કહું છું શીરનામી.
હું અધર્મી મહા અજ્ઞાની, આપ પ્રભુ છો પુરણ બ્રહ્મનામી;
એવી વેદ પુરાણુમાં છાપ, એવો સતગુરૂનો મહિમા અમાપ;

શીવ વીરંચીને શુંકદેવ, રાંમચંદ્રે કરી ગુરૂસેવ.
એવા સદગુરૂ દીન દયાળ, ચરણે મસ્તક મુકું છું બાળ;
માત પીતા બંધુ પરીવાર, તમવીના મારે નહીં આધાર.
મારે તો ગુરૂદેવ ગુરૂ ઇશ, એવું માનું છું વીસવાવીસ;
એવા સદગુરૂ દીનદયાળ, સદા સેવકના પ્રતીપાળ.
ચૌદ લોકમાં ગુરૂનું રૂપ, આદી અંતને મધ્ય અનુપ;
જ્ઞાની મુની ધ્યાની ને દેવ, જાણી ના શકે ગુરૂનો ભેવ.
તેથી હું વંદુ છું વારંવાર, સેવાથી ઉતરે ભવપાર;
એવો સેવાનો મહિમા અગમ, સુરતી શેષ કહે છે નીગમ.
પરા પારની કહીએ જે વાણી, ગુરૂ મહિમાને ના શકે જાણી.
ગુરૂ મહીમા અખંડ અજીત અમાપ, તે હું કેમ કરી પામું પાર.
નારદે વીષ્ણુંને દીધો શ્રાપ, અગષ્ટે સમુદ્ર પીધો અમાપ;
એતો ગુરૂ સેવાનો પ્રતાપ, એવું વીષ્ણુ બોલ્યા મુખે આપ.
કાશી પ્રયાગ ગુરૂનું રૂપ, બદ્રીકેદાર જગન્નાથ ભુપ;
રામેશ્વર દ્વારકાંનાથ, દાન દે જઇ આપ પોતાને હાથ.
તોય ગુરૂ સેવાના તોલે ના આવે, એવું વેદ પોકારીને કહાવે;
સપ્ત દ્વીપને નવ ખંડ, એવો ગુરૂ મહીમાનો પ્રચંડ.
ધ્રુવ પ્રેલાદને બળીરાય, ગુરૂ પ્રસાદનો એ મહીમાય;
રામચંદ્રને કૃષ્ણભગવાન, ગુરૂ સેવાનું કરૂં વર્ણાન.

એવો ગુરૂનો મહીમા અપાર, તેથી વંદુછું વારંવાર.
તપ તીરથને વેદ પુરાણ, ગુરૂ સેવાનાં નહીં પ્રમાણ.
એવી અનેક આપીએ છાપ, ગુરૂ મહીમાનો ના આવે માપ.
ચૌદ લોકમાં ગુરૂનું રૂપ, એક અનુમાત્ર ખાલી નહીં અનુપ.
જે જે કહીએ તે ગુરૂનું રૂપ, તેથી મુન ગરાઇને રહીએ ચુપ.
મારા અવગુણ હશે અનેક, આપ મનમાં ના લાવશો વીવેક.
હું અજ્ઞાની મહા અભીમાની, કુડકપટી ક્રોધીને કામી.
આપ શરણે આવ્યો અંતરજામી, કરજોડી વિનતી કરૂં શીરનામી.
ધર્મ અર્થ કામને મોક્ષ, તે સર્વેનો મારે સંતોષ.
ચૌદ લોકના ભોગ જે કહેવાય, તે તો મારા મનના સેવાય.
માટે કરજોડી કહું સ્વામી, આપો ભગતી અંતરજામી.
પારસ સ્પર્શો લોહ પલટાય, ગંગા નહાયાથી પાપજાય.
કામધેનુ સુરતરૂ જેહ, મનવાંછીત ફળ આપે તેહ.
ભમરી કીટને પાંખો લાવે, સીંહ શરણે જંબુક ના આવે.
એમ અનેક દ્રષ્ટાંત કહાવે, ગુરૂ સેવાના તોલે ના આવે.
અજ પદને કૈલાશ, ગૌલોકને વૈકુંઠવાસ.
ગુરૂ ચરણમાં સર્વે પ્રકાશ, મુક્તિની નહીં મારે આશ.
એવા ગુરૂ અખંડ સ્વરૂપી અનામી, વિનંતી કરૂં હું શીરનામી.
ગુરૂના ગુણનો પાર ના આવે, એવું સંત પોકારીને કહાવે.

માટે શીવ વીરંચીને શેષ વેદ, ગુરૂના મહીમાનો જાણે ભેદ.
માટે હું મૂંઢ તે શું વખાણું, જેમ કૃષ્ણ આગળ તાંદુળ આણું;
આસપાસ નીચે ને આકાશ, પુર્વ પશ્ચિમ ઉત્તર દક્ષીણ પ્રકાશ.
જ્યાં જોઉં ત્યાં ગુરૂનું રૂપ, તેથી મુનગરાઇને રહું ચુપ;
જે કોઇ ગાશે નરને નાર, તે સંસાર સમુદ્ર ઉતરે પાર.
ગુરૂ ચરણમાં આયો હું ઉલાસ, ગુરૂ મહીમા કર્યો માનદાસેપ્રકાશ:
એવો ગુરૂ મહીમાનો પ્રતાપ, કોટી જનમનાં જાય પાપ.

દુહા.

સત ગુરૂ હેમાનંદ દેવ હે, આદ અંત એકરૂપ;
કરજોડી વીનતી કરૂં, માગું ચરણની રજરસ કુપ
ગુરૂ હેમાનંદ સ્વામી મમ, હું ચરણનો દાસ.
કરજોડી વીનતી કરૂં, મુજપર રહેજો સદા ઉલાસ;
સંવત ઓગણી સડસઠો, પોસ દશમ બુધવાર.
કૃષ્ણ પક્ષને હેમરૂતુ, માનદાસે કર્યો પ્રકાશ.

રાગ કાફી.

માયામાં શું મોહી રહ્યોરે અજ્ઞાની જીવ.
સમજી વીચારી જોરે છે પોતે શીવ.

માયાનો આમદ મોટો, જોબન છે વાયુનો ગોટો,
પડતાં થઈ જાશે ખોટોરે—અજ્ઞાની.
જગત સર્વે જાશે ચાલી, ભરી પાપ તણી પાલી,
અંતેતો સર્વે ખાલીરે—અજ્ઞાની.
આ જગતમાં કાંઇ નથી સાચું, રામ નામ વીના સર્વકાચું.
સમજે તેના ચરણું જાચુંરે-અજ્ઞાની.
ભજન વિના દીવસ ખોવે, જમડા તારી વાટો જોવે.
અંતકાળે પોકે રોવેરે—અજ્ઞાની.
આ શીખામણ માની લેજો, સૌ રામનામ મુખે કહેજો,
કહે મોહનદાસ સંતો આશીષ દેજોરે—અજ્ઞાની.

રાગ લાવણી.

દોઉ કરજોડી વીનવું સ્વામી, આપો મતી મને શુભકારી.
ગોવીંદજીના ગુણગ્રા ગાઊ, ઊલટ થયો મુજને ભારી.
માયાની મોટી ફોજું ચાલે છે, કાયા નગરી લીધી ઘેરી;
પાંચ જોદ્ધા માહીં બહુ છે બળીઆ, મમતા તણી ચડી દારી. દોઉ
મનવો માંહી મોટો છે જોધો, કોઇની ના લાગે કારી.
અણી તો સંતાઇ ગયો છે, વલે શી થાશે તારી.—દોઉ.
કબુદ્ધીનો આ કોટ બન્યો છે, અજ્ઞાનની બાંધી અંધારી.

સમજીને જો બહાર જવું હોય તો તમો સારી—હોજી;
પાંચ જોદ્ધાઓને પ્રથમ જીતો, જીતોને સુમતા નારી.
માયાને તમો મારી કરી, જાઓ મોક્ષની પોળ બારી—હોજી.
માનદાસ ચરણે ગાયા મોહનરામ, અરજ સુણોને ગોવીંદમારી;
સંતોની તમે સાહાય કરજો, માગું માફી હું મોરારી--હોજી.

રાગ લાવણી.

હરી હરી તમે સર્વે સમરો, વીનતી આ સુણોને મારી;
દેહ તો કાલ પડીઆ જાશે, આગળ છે નરકકારી.
જનમ મરણ એ બે વખતે, દુઃખ છે અતી ભારી,
હજારો વીંછીની વેદના થાશે, કહું શું તમોને પોકારી-હરી.
મુરખને મહામદ ચડયું છે, સંતોની સેવા ના કરવી.
ખાઇ ધુતી ધન ભેળું કરી, થેલીઓથી લીધું ભરવી-હરી.
વૃક્ષ ઉપર એક પંખી બેઠું, બાજ ઝપાટા બહુ કરે;
ચેતે તો ચેતાવું તુજને, શીર ઉપર તો કાળજ ફરે-હરી.
સતગુરૂ ચરણાની ઓથો લેજો, જનમ મરણ દુખ સેહજે હરે;
બંધન સરવે છુટે એ વેળા, કાળ બીચારો કયા કરે-હરી.
માનદાસ ચરણે ગાયા મોહનરામ, શીખામણ છે આ સારી,
શ્રીહરીનું સ્મરણ કરી લ્યો, સંસાર દુઃખ છે અતીભારી-હરી.

રાગ કાફી.

માયા મમતા પરહરો, મુકીદો આ મનના ચાળા.
દેહના દંડતો ભોગવવા પડશે, ઘણાએ ભરીઆ ઉચાળા.
પુત્ર પરીવારની ખોટી છે, મીત્રાઇ જુઠી આ સંસારા.
રામ નાંમનું સ્મરણુ કરી લ્યો, તેથી ઉતરો ભવપારા.—માયા.
ધર્મ રાજાની બીક ધરો, જમડા માર ઘણો મારે;
છળ કપટ છેદો એ વેળા, ધર્મ તણા આધારે—માયા.
ધન જોબન વાદળની છાયા, પડતાં વારો નહીં લાગે;
માયા માયા કરતાંભાઇ કારમુ આવી દુઃખ જાગે.—માયા.
અંત કાળનું દુઃખ છે અઘરૂં, કશું કામ તારે નહીં આવે,
સગાં વહાલાં સર્વે જોવા આવશે, ડામ ઝાઝેરા તુને ઘાલે—માયા.
માનદાસ ચરણે ગાયા મોહનરામ, વિવેકથી તમો સૌ ચાલો;
કુડ કપટ પડતાં મુકીને, હકેથી ભાઈ તમે હાલો.—માયા.

રાગ પ્રભાતી.

મુરખ તું મુંઢ રહ્યો, દેવ દરશન નવ ગયો,
માયા મમતા કરતાં, કાળ તારો આવી રહ્યો.
મુરખ સાચો નથી, કહું છું તમને કથી કથી,
દેહતો કોઇ પડી જાશે, શીદ પ્રપંચમાં મરો મથી—મુરખ.

જગતનું સુખ જોઈ; શું રહ્યો માયામાં મોહી;
હરીના ભજન વીના, આખી તે ઉમર ખોઇ—મુરખ.
સૌ સ્વાર્થના સારૂ, મીથ્યા કરે મારૂં તારૂ;
કાળ ડંકા દેઇને ચડશે, નહી રહે નાસવાનું બારૂ—મુરખ.
અમૃત આગળ ધર્યું, પીનાં ના આવડયું ઢળી ગયું;
જગમાં તેં જનમ ધરી, શું શુભ કામ કર્યું—મુરખ.
સંત સુજાણુયા છે એમને, વેદનાં વખાણ છે.
અજરા અમર એક આત્મા, અમૃતની તો ખાણ છે—મુરખ.
હરખ હૈયે ધરી, હરી, હરી હરી સ્મરણ કરી,
માનદાસ ગુરૂના ચરણે, મોહનરામે વાણી કરી—મુરખ.

ચોપાઇ,

ઈતીહાસ કર્યો પ્રકાશ, ધરી મનમાંહી ઊલાસ;
જે કોઈ ગાશે નરને નાર, સંસાર સાગરથી ઊતરે પાર.
એવો આદી અનાદીનો ધર્મ, શવળ જોગીનાં કીધાં કર્મ;
હેત ધરીને પાળશે જેહ, દુઃખ સ્વપ્ને ના પામે તેહ.
એવું શંકર કહે છે વાણ, મટી જાય ચોરાસી ખાણ;
ચોદ લોકમાં થાય વખાણ, એવું શાસ્ત્ર આપે પ્રમાણ.
માનદાસ જુગતે કરે વખાણ, જેથી જગમાં થાશે જાણ;

ગામ ઊધરોજ હેમાનંદ આયા, પ્રીત ધરી ઈતીહાસ લખાયા;
સંવત ઓગણી સડસઠ્ઠો સાર, માહાવદ બીજને ગુરૂવાર.
હેમરૂતુ ઊધરોજ ગામ, મોહનદાસ લખીતંગ નામ;
રાવળ જોગી ઉદાર પ્રમાણ, તાત ધુળા છે બુદ્ધીવાન.
ધર્મ રીતીમાં ચતુર સુજાણ, જાણે વીવેક વીધી પરમાણ;
કરજોડી વીનતી કરૂં વારંવાર, સમજી લે જો ઈતીહાસનો સાર
ભુલચુકની માફી માગું, સૌના ચરણે લળી લળી લાગું;
નથી ગર્વ ધરીને ગાયું, સવના હેતથી આનંદ આયું.
માનદાસ તો કહે છે વાણ, હેમાનંદ ગુરૂ ચતુર સુજાણ.

રાગસામેરી,

સજન મારા વીરોરે, ભક્તી લક્ષણ સાંભળોરે,
જેથી આભવનો પામો પાર,
નવધા ભકતીનારે લક્ષણ હોય અંગમાંરે,
તેથી સૌ અળગા રહે છે વીકાર— ટેક.
પહેલું લક્ષણરે શ્રવણ કીજીએરે,
જેથી મોક્ષ પામ્યા પરીક્ષત રાય;
સાત દીવસરે એક ચીતે સાંભળીરે,
તન માંહી મળી રહ્યા એકતાર. સજન.

બીજું લક્ષણરે કીરતન કીજીએરે,
જેનો ચૌદ લોકમાં જશ ગવાય;
ને એવું લક્ષણરે નરસીંહ મેહેને પાળીયુંરે,
જેને મળીયા શ્રી કૃષ્ણ મોરાર. સજન.

ત્રીજું લક્ષણરે સ્મરણ કીજીએરે,
જેથી ધ્રુવ ઠરીને બેઠા ઠાર;
ચોથું લક્ષણરે સેવન પુજન કીજીએરે,
અમરીષે પાળ્યું પ્રેમ ધરીને અપાર. સજન.

પાંચમું લક્ષણરે અરપણ કીજીએરે,
જેથી પ્રભુ પ્રગટ પરસન હોય;
એવુ લક્ષણરે બળીરાયે પાળીયુંરે,
તનમન ધન અર્પણ કર્યું તે વાર. સજન.

છઠું લક્ષણરે મીત્રાચારી કીજીએરે,
એવું અરજુને પાળ્યું નીરધાર;
આઠેને પહોરરે કૃષ્ણની સંગે રમેરે,
ધન તેનો અવની વિષે અવતાર. સજન.

સાતમુ લક્ષણરે દાસ પણું કીજીએરે,
એવા એક હનુમંત મોહા બળવંત.

રામચંદ્રનીરે સેવા શીર સાટે કરીરે,
લંકાજાતાં ક્ષણું ના લાગીવાર, સજન.

આઠમું લક્ષણુરે નીશ્ચેપણું કીજીએરે,
એવાતો એક પ્રલાદ રાય માહાધીર;
હીરણાકશ્યપેરે અનેક દુઃખ આપીસુંરે,
તોય હરીમાંથી ચીત ન ચોર્યું લગાર. સજન.

નવમુ લક્ષણુરે ક્ષમા કીજીએરે,
એવા મુની વસીષ્ઠ મહા ગુણવાન;
વિશ્વામીત્રેરે સો પુત્ર મારીયારે,
તોય વિશ્વામીત્રને ઉતરાપાર. સજન૦

એવી શાખોરે શાસ્ત્રમાં અનેક છેરે,
તે સૌ સંત પોકારીને ગાય;
પ્રેમ ધરીનેરે નરનારી પાળશેરે,
જ્ઞાનદાસ કહે હરીચરણુમાં જાય. સજન,

સમાપ્ત.

સર્વ જાતનાં ઇંગ્રેજી ગુજરાતી પુસ્તકો વેચનાર,

એમ, એમ, પટેલની કંપની.

મામુનાયેકની પોળ.

અમદાવાદ.

મોટો કમાલ   મોટો ઉડાવ.

ઓછા ખરચમાં અને થોડા વખતમાં.

વગર માસ્તરે પોતાની મેળે ઇંગ્રેજી શીખવનાર પુસ્તક

ધી ઇંગ્લીશ ગાઇડ.

કીમત રૂપીઓ અઢી.   પોસ્ટેજ અણુ આઠ

અનંગ રંગ અથવા રતિ રંગ વિલાસ	...	૧—૮—
ગુપ્ત વિદ્યા અથવા આનંદભર્યો ભંડાર	...	૦—૪—
અંગ્રેજી વૈદ્યક	...	૦—૬—
ચુટકાનાર્થ અને અજાયબનો ભંડાર	...	[illegible]
અંગ્રેજી ગુજરાતી ડીક્શનેરી	...	[illegible]
તૈયાર કરતાં શીખવા માટે ચાવી	...	[illegible]
વીદ્યાર્થીને વારંવાર સાર સંગ્રહ	...	[illegible]
બદમાશોના બહુનો બનાવો ને ગુજરાતી ટુંક	...	[illegible]
મદન સંગીત ગરબાવળી	...	[illegible]
મડા પચ્ચીશીની વારતા	...	[illegible]
બત્રીસ પુતળીની મોટી વારતા	...	[illegible]
પૈસા કેમ કમાવા	...	[illegible]
વીમળા	...	[illegible]
ચતુર સુંદર સ્ત્રીવિલાસ ગરબાવળી	...	[illegible]

એ શીવાય દરેક જાતનાં પુસ્તકો અમારી દુકાનેથી મળશે. ટપાલ ખર્ચ જુદું સમજવું આર આપનારની અંદરની કીમતના ઉપરથી પોસ્ટની ટીકીટો મોકલી મંગાવવી તે શીવાય મોકલવામાં આવશે નહિ.

ડી. ખુશાલભાઇ એન. એમ. પટેલની કંપની.

માણેકચોકની પોળ—અમદાવાદ.